# સંઘર્ષો મારા શિક્ષકો રહ્યા છે

# કીયારા અડવાણી



શો-શા

પોતાના પહેલા બાળકનું સ્વાગત કર્યા બાદ કીયારા ફરી ફિલ્મો ના શુટિંગ માં વ્યસ્ત થઇ ગઈ છે. હાલમાં, તેની ફિલ્મ ટોક્સિક: અ ફેરી ટેલ ફોર ગ્રોન અપ રીલીઝ થવાની છે. પરંતુ, આજની ટોચ ની એક્ટ્રેસ માં જેની ગણના થાય છે તે કીયારા વિષે ઘણા ઓછા ને ખબર હશે કે તેની પહેલી ફિલ્મ ફૂગલી હતી અને પહેલી ફિલ્મ મળ્યા પછી પણ તેના સંઘર્ષના દિવસો પુરા થયા ન હતા. તેના સંઘર્ષના દિવસોનો અનુભવ કેવો રહ્યો અને ત્યાર બાદ તેને બ્રેક કેવી રીતે મળ્યો એના વિષે કીયારા આપણી સાથે વાત કરે છે. માતા બન્યા બાદ તેનામાં જે ઈમોશનલ પરિવર્તનો આવ્યા અને તેને હેન્ડલ કરવામાં સિદ્ધાર્થે તેને કેટલો સપોર્ટ કર્યો તેને વિષે કીયારા અહી આપણને જણાવે છે.

**તારા સંઘર્ષના દિવસો વિષે કઈ વાત કર.**

મને લાગે છે કે સંઘર્ષના દિવસોમાં થયેલા એક અનુભવે મને કઈ ને કઈ શીખવ્યું છે. હું આજે જે કઈ છું તે અનુભવોને કારણે ઘડાયેલી છું. સંઘર્ષ મારા સૌથી મોટા શિક્ષકો રહ્યા છે.

**શું ખરેખર તારી પહેલી ફિલ્મ એમ એસ ધોની ન હતી?**

અત્યાર સુધી બધાને એ જ ખબર હશે કે એમ એસ ધોની કે કબીર સિંઘ મારી પહેલી ફિલ્મ હશે પરંતુ, મારી પહેલી ફિલ્મ ફૂગલી હતી. તે ફિલ્મ મળ્યાનો મને કોઈ ફાયદો થયો ના હતો કારણકે તે મોટી ફલોપ ફિલ્મ રહી હતી. જોકે ,કેટલાકે મારા કામના વખાણ કર્યા હતા, પરંતુ, મને તેમાનું કશું કામ લાગ્યું ન હતું.ત્યાર પછી પણ માટે ઓડીશન ની લાઈન માં ઉભા રહેવું પડ્યું , ક્યારેક મારી પસંદગી થતી હતી તો ક્યારેક ન થઇ. તેમાય, હું પણ અમુક પ્રકારની ફિલ્મો કરવાનું પસંદ કરતી એટલે તેની પણ મર્યાદાઓ હતી. તમે જયારે કારકિર્દીની શરૂઆત કરતા હોવ અને કોઈ કોમર્શીયલ હીટ આપી ન હોય ત્યાં સુધી તમને વધારે તક મળતી નથી. આ પ્રોસેસ ઘણી લાંબી હોય છે .

**તો શું એમ એસ ધોની ફિલ્મ મળ્યા પછી તારા સંઘર્ષનો અંત આવ્યો?**

એમ એસ ધોની મળ્યા પછી પણ મારો સંઘર્ષ ચાલુ જ રહ્યો. ૨૦૧૯ માં કબીર સિંઘ રીલીઝ થઇ ત્યાર પછી મારે પાછળ ફરીને જોવું નથી પડ્યું. પરંતુ, તે પહેલના ૫ વર્ષ મેં ઘણા ઓડીશન આપ્યા , ઘણો લાંબુ વેઇટ કરવું પડતું

**કારકિર્દીની શરૂઆતમાં કોમર્શિયલ હીટ ન આપો ત્યાં સુધી તકો મળતી નથી.**

, ઘણાએ મને રીજેક્ટ કરી અને થોડી ઘણી ફિલ્મ હતી જેના માટે મેં શૂટ કર્યું હતું. હું માનું છું કે કામ કામને ખેંચી લાવે છે અને મારી સાથે પણ એ જ થયું. આ એવો સમય હતો જેમાં તમે તમારું શ્રેષ્ઠ આપવા માટે તત્પર બની જાઓ છો.

**તને લસ્ટ સ્ટોરીઝ કેવી રીતે મળી?**

મેં અબ્બાસ મસ્તાન ની ફિલ્મ મશીન કરી હતી કે જે સોશિયલ મીડિયા પર ઘણી ટ્રોલ થઇ હતી.આ ફિલ્મમાં શુટિંગ વખતે મને ઘણું શીખવા મળ્યું. મેં તે ફિલ્મ માં ‘ તું ચીઝ બડી હે મસ્ત ‘ ગીત કર્યું હતું અને તેના શુટિંગ વખતે મનીષ મલ્હોત્રા એ મને નોટીસ કરી. તેઓ મને બિલકુલ ઓળખતા ન હતા અને તેમને કારણ જોહર સાથે મારા વિષે વાત કરી કારણકે તેમને લાગતું હતું કે ‘ઇસ લડકી મેં નમક હે’ અને ત્યાર બાદ મને લસ્ટ સ્ટોરીઝ ની ઓફર મળી હતી.

**માતૃત્વને કારણે તારામાં શું પરિવર્તન આવ્યું છે?**

માતૃત્વને કારણે મારામાં ઘણું મોટું પરિવર્તન આવ્યું છે. તમારું સમગ્ર વ્યક્તિત્વ બદલાય જાય છે. તમે પોતાના સિવાય બધાને પ્રાધાન્ય આપો છો. તમે પોતાનું જ ધ્યાન રાખવાનું ભૂલી જાઓ છો જે ખરેખર જરૂરી હોય છે. આ સમય માં તમે ઈમોશનલ પરિવર્તન માંથી પસાર થાઓ છો. પરંતુ, હું એક વાત ચોક્કસ શીખી કે તમારો તમારી જાત સાથે નો સંબંધ શ્રેષ્ઠ હોવો જરૂરી છે .

**આ સમય માં સિદ્ધાર્થે તને કેટલો સાથ આપ્યો?**

સિદ્ધાર્થ તે સમયમાં તેની એક ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત રહેતો હતો છતાં અમારા ડોક્ટર ની સલાહ પ્રમાણે તે દરરોજ રાત્રે મને મળવા આવતો હતો . ક્યારેક હું નાની વાત પર રડી પડતી હતી. સિદ્ધાર્થ મને રાત્રે ડ્રાઈવ પર લઇ જતો. થોડો સમય ઘરની બહાર જવાથી અને હવાફેર થવાથી મને સારું લાગતું. સિદ્ધાર્થે મને આ સમયમાં ઘણો સપોર્ટ કર્યો. ●




# પ્રિયંકા ચહલ

## - સ્ટેજ પર પરફોર્મન્સ કે કેમેરા સામે એક્ટિંગ?

**બિગ બોસ કે ઉડારિયાં?**
બિગ બોસ.
**સવારની ચા કે સાંજની કોફી?**
કડક આદુવાળી ચા!
**ગ્લેમરસ લુક કે નો-મેકઅપ લુક?**
નો-મેકઅપ.
**સોશિયલ મીડિયા પર સૌથી વધુ સમય ક્યાં વિતે છે?**
ઇન્સ્ટાગ્રામ પર.
**બિગ બોસના ઘરમાંથી શીખેલી સૌથી મોટી વાત?**
ધૈર્ય રાખવું.
**એક્ટિંગ સિવાય બીજું કયું ટેલેન્ટ છે?**
ડાન્સ કરવો.
**ટીવી સીરિયલ કે વેબ સિરીઝ?**
વેબ સિરીઝ.
**સ્ટેજ પર પરફોર્મન્સ આપવું ગમે કે કેમેરા સામે એક્ટિંગ?**
કેમેરા સામે એક્ટિંગ.
**તારા અને અંકિતના સંબંધોનું સ્ટેટસ શું છે?**
‘બેસ્ટ ફ્રેન્ડ્સ ફોરએવર’!
**ફેન્સ તમને બંનેને ‘પ્રિયંકિત’ કહે છે, કેવું લાગે છે?**
સુંદર ફીલિંગ છે.
**અંકિતને એક શબ્દમાં ડિસ્ક્રાઇબ કરો.**
માય ‘જેન્ટલમેન’.
**દેશી આઉટફિટ કે વેસ્ટર્ન આઉટફિટ ?**
સાડીમાં જે ગ્રેસ છે.
**એક્ટિંગ સિવાય કરિયરની શરૂઆત કયા કામથી કરી હતી?**
મોડેલિંગ અને મ્યુઝિક વીડિયોઝથી.
**ફિટ રહેવા માટે શું કરવું ગમે છે?**
જીમ વર્કઆઉટ અને યોગા.
**લાઇફ મંત્ર શું છે?**
ભરોસો અને મહેનત.
**કયા પ્રકારની ફિલ્મો અથવા વેબ સીરીઝ જોવી ગમે છે?**
રોમેન્ટિક-ડ્રામા અને થ્રિલર. ●

# ડિરેક્ટર તરીકે તમારી સામે સૌથી મોટી ચેલેન્જ કઈ છે?

ટ્રેન્ડિંગ

**NRI દુલ્હનની ટીમ આવી ગુજરાતમિત્રની મુલાકાતે, એમની સાથે થઈ ફિલ્મ અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી વિશે સરસ મજાની વાતો.. હળવી ગપસપ અને થોડી મસ્તીમજાક, વાંચો અહીં.**

**ગુજરાતી સિનેમામાં સૌથી સકારાત્મક મોડ તમને કયો લાગે છે? આજે ડિરેક્ટર તરીકે તમારી સામે સૌથી મોટી ચેલેન્જ કઈ છે?**

ફિલ્મલાઇનમાં અમે માગીએ છીએ કે 7-8 વરસે કોઈને કોઈ વળાંક આવે અને આ વળાંક પ્રેક્ષકો જ લાવે છે. ડિરેક્ટર કોઈ પણ હોય એ પ્રયોગ જ કરે છે એ પછી કોઈપણ વિષય પર ફિલ્મ હોય અને ગુજરાતી ફિલ્મોમાં પણ જે ચેન્જ આવ્યા છે અને એ ખૂબ જ સકારાત્મક પરિવર્તન છે. ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં, એમાંય ખાસ કરીને આજનો યુવા વર્ગ પોતાના પરિવાર અને મિત્રો સાથે ગુજરાતી ફિલ્મો જોવા જાય છે. એટલે હાલ આ ઇન્ડસ્ટ્રીનો સુવર્ણકાળ ચાલી રહ્યો છે એમ કહીએ તો પણ ચાલે.

**ગુજરાતી ભાષા મરી રહી હોવાની વાત છે, શું ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રી આ પરિસ્થિતિમાં બદલાવ લાવી શકશે ?**

બિલ્કુલ લાવી શકે, 100 ટકા લાવી શકે, જેમ ઉર્દુ ભાષા ભારતમાં જીવી ગઈ, એમ જો લોકો ગુજરાતી ફિલ્મો તરફ વળશે અને જોશે તો તેઓ ગુજરાતીના નવા શબ્દો શીખશે, ખાસ કરીને આજકાલ જે ગુજરાતીઓ ઇંગ્લિશ મીડિયમમાં ભણી રહ્યા છે તેઓ આપણી ભાષા ઓછી જાણે છે. જેમ ઉર્દુ જીવી ગઈ એમ આપણી ભાષા પણ આગલી પેઢીમાં જીવિત રહેશે.



રફીક પઠાણ - ડિરેક્ટર

# કવિ કે લેખક તરીકે ઓળખાવાનું વધુ પસંદ કરે કે એક્ટર તરીકે?

**મને જે પણ મળ્યું છે અને મે જે પણ મેળવ્યું છે એમાં ઇશ્વર અને મારો વિશ્વાસ અને મહેનત અને મારા માતા-પિતાના આશીર્વાદ જ છે**



દિલીપ રાવલ

**તમે લેખક, અભિનેતા અને કવિ પણ છો....બધું એક સાથે કઈ રીતે મેનેજ કરો છો?**

એમાં બધી ઉપર ઇશ્વરની કૃપા છે કે અમે દરેક રોલ સારી રીતે નિભાવવા સક્ષમ છીએ, અમે એવા ફિલ્ડમાં છીએ જેમાં અમે અમારું ગમતું કામ કરીએ છીએ અને અમે એમાંથી રળીએ પણ છીએ, આ બધી માતાની કૃપા અને ઉપરવાળાની દયા છે. અન્ય કામ જોકે હું ભલે ના કરી શકું પણ મારા અંદરનો કવિ, લેખક અને એક્ટર મને મારા કામમાં અંદરથી મદદ કરે છે.

**તમે ગુજરાતીને બદલે હિન્દીમાં કામ કર્યું હોત તો, ઘણી મોટી સફળતા મળી હોત...**

મને આ વાતનો અફસોસ ક્યારેય પણ નથી થયો. હું આજે જે પણ છું એમાં ઇશ્વરની કૃપા છે અને હું મારા કામથી બહુ સંતુષ્ટ પણ છું. મને જે પણ મળ્યું છે અને મે જે પણ મેળવ્યું છે એમાં ઇશ્વર અને મારો વિશ્વાસ અને મહેનત અને મારા માતા-પિતાના આશીર્વાદ જ છે. કેમ કે હું ગુજરાતી પરિવારમાં જન્મયો છું અને મારી ભાષા માટે મેં કામ કર્યું એનું મને ગર્વ છે અને રહેશે.

**એવી કોઈ ઘટના, જે યાદ કરીને આજેય હસવું આવે?**

એકવાર એવું થયું હતું કે મારે મુંબઈમાં એક નાટક હતું મલાડમાં, ત્યાં અસ્પી નામનું ઓડિટોરિયમ છે. પહેલા એવું હતું કે એક એક મહિના સુધી ઓપનમાં શો થતા હતા. મલાડમાં નાટકોના એક મહિના સુધી ફેસ્ટિવલ ચાલે જેમાં જુદા-જુદા નાટકો ભજવાય મોટા સ્ટેજમાં. એ વખતે મારું નાટક મોટા ઘરની વહુ નામનું નાટક ચાલતું હતું, રાતનો શો હતો, અને સવારે ત્યાં અન્યશો પણ ચાલતા હોય, એમાં જાદુનો શો પણ હતો, જયારે હું શો કરવા ગયો અને મારી પહેલી જ એન્ટ્રી હતી, સાધનો જોય હું અટકી ગયો તો મારા ડાયરેક્ટરે બાજી સંભાળતા ડાયલોગ બોલ્યા કે હજી કેમ ના આવ્યો અને છીંક ખાતા મેં એન્ટ્રી કરી કે હું આવી ગયો. એ સંવાદ કંઈક અલગ રીતે બોલાતા આજે પણ એ યાદ કરી મને બહુ હસવું આવે છે.

વિડીયો જોવા માટે QR કોડ સ્કેન કરો